# જો ફરી ઉઘરાણી કરશો તો સુરત પાછા જવા નહીં દઇએ

**જયપુરના** ઠગ વેપારીઓએ ૫૧ લાખનું કાપડ મંગાવી માત્ર ૭ લાખ રૂપિયા જ ચૂકવ્યા

પલસાણા : કડોદરામાં ગબ્બરમાતાની ગલીમાં આવેલી ગોપાલ ઇન્ડસ્ટ્રીઝમાં 'રેમીયેશ એન્ટરપ્રાઇઝ' તથા 'શીવભવાની ફેશન' નામની કંપની ચલાવતા પિતા-પુત્ર સાથે રાજસ્થાનના જયપુરના ૮ જેટલા વેપારીઓએ દલાલ સાથે મળીને રૂપિયા ૪૪.૩૮ લાખની ઠગાઇ કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઇ છે.

કતારગામની આદર્શ સોસાયટીમાં રહેતા અને મૂળ અમરેલીના વતની ૨૯ વર્ષીય જેનીશભાઈ વિનોદભાઈ ધોળકિયાનો જયપુરના દલાલ કિરણ અગ્રવાલે સુરત ટેક્સટાઇલ એક્સપો મારફતે તેમનો સંપર્ક કર્યો હતો. તેણે તેમને જયપુર બોલાવ્યા હતા અને હોટેલમાં રોકાણ કરાવી જયપુરના સ્કાય ફ્યુઝનના ભવનેશ સિંઘ ભુંડેલા અને ગરીમા રાજપુત, પુજા એન્ટરપ્રાઇઝના હિંમતભાઈ મીણા, ભગત ટેક્સના અમન કટિયાર અને લતા કટિયાર, પ્રાચી ક્રિએશનના ક્રિષ્ણાકાંત કટિયાર તેમજ રવિ ટેક્સટાઇલના રાજીવભાઈ સાથે મુલાકાત કરાવી હતી. આ તમામ વેપારીઓના ઓર્ડર પ્રમાણે તેમણે જાન્યુઆરીથી મે ૨૦૨૬ દરમિયાન ટ્રાન્સપોર્ટ મારફતે કુલ રૂપિયા ૫૧,૪૧,૧૭૦નો શિફલી વર્ક કરેલો તૈયાર માલ મોકલ્યો હતો. તેની સામે વેપારીઓએ માત્ર રૂપિયા ૭,૦૨,૭૩૮ બેંક ખાતામાં ચૂકવ્યા હતા, પરંતુ બાકીના રૂપિયા ૪૪,૩૮,૪૩૨ આપ્યા ન હતા. લાંબા સમય સુધી ઉઘરાણી કરવા છતાં પેમેન્ટ ન મળતા, ફરિયાદી અને તેમના પિતા જયપુર રૂબરૂ પહોંચ્યા હતા. જયપુરમાં આરોપીઓએ રૂપિયા આપવાનો સાફ ઇનકાર કરી દીધો હતો અને ઉશ્કેરાઇ જઇને નાલાયક ગાળો ભાંડી હતી. એટલું જ નહીં, જો ફરીથી ઉઘરાણી કરવા આવશો તો પગ ભાંગી નાખવાની અને જીવલેણ હુમલો કરી સુરત પાછા ન જવા દેવાની ગંભીર ધમકી આપી હતી.

# અંકલેશ્વરમાં ડેરીમાં રોકાણના નામે 56.41 લાખની ઠગાઈ

**અંકલેશ્વરની** કંપનીના સિનિયર ઓફિસરે પોલીસ ફરિયાદ નોંધાવી

**પહેલા** 10 લાખની લોન લઇ 50 ટકા ઓફિસરને આપી હપતા ભરી દીધા

**56** લાખની લોન લીધા બાદ હાથ ઊંચા કરી દીધા

અંકલેશ્વરઃ અંકલેશ્વર GIDC ની સૂર્યદીપ સોસાયટીમાં રહેતા અતુલ બાંભરોલીયા ડાયસ્ટાર કંપનીમાં સિનિયર ઓફિસર છે. તેઓની કંપનીમાં જ નોકરી કરતા કોસમડીના ભાવિન ભરત ત્રિવેદીએ વર્ષ 2024 માં રોકાણની સ્કીમ રજૂ કરી હતી. ઠગ સહકર્મી તેની પત્ની અંકિતા સાથે ગ્રીન માઈન્ડ કન્સલ્ટ, ભાવના જેનિટી અને ડેરી ફાર્મ ચલાવતો હોવાનું કહ્યું હતું. જેમાં ઓફિસરને વિશ્વાસમાં લઈ પ્રથમ 10 લાખની લોન તેના નામે લઈ 50 ટકા ઓફિસરને રકમ આપી બાકીના પોતે રોકી હપ્તા પણ ભરી દીધા હતા. ઓફીસરનો વિશ્વાસ કેળવી લીધા બાદ ડેરીમાં ભાગીદાર અને તમામ હપ્તા જાતે જ ભરવાનું કહી અલગ અલગ બેન્કમાંથી બીજી વખત 56.33 લાખની લોન લીધી હતી. જે ઠગ દંપતીએ પોતાના જ એકાઉન્ટમાં રાખી ઓફિસરનું ક્રેડિટ કાર્ડનું પણ કરી નાખ્યું હતું. અંતે લોનના હપ્તા નહિ ભરતા કે રકમ પરત નહિ આપતા રૂપિયા 56.41 લાખની ઠગાઈ અંગે GIDC પોલીસ મથકે ઠગ દંપતી સામે ફરિયાદ નોંધવાઈ હતી.

## કડોદમાં ચા બનાવતી વખતે પડી જવાથી વૃદ્ધનું કરુણ મોત

બારડોલી : બારડોલી તાલુકાના કડોદ ગામના મોટા બજારમાં રહેતા ૮૧ વર્ષીય ગીરીશભાઈ જગમોહનભાઈ શાહનું આકસ્મિક મૃત્યુ નીપજ્યું છે. ગત તા.૦૬ ઓગસ્ટના રોજ સવારે પોતાના ઘરના રસોડામાં ચા બનાવતા સમયે તેઓ અચાનક નીચે પડી ગયા હતા. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાથમિક સારવાર કડોદની હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે બારડોલીની સરદાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબે બ્રેઈન હેમરેજ હોવાનું જણાવતા તેમને ફરી કડોદની દામોદરદાસ ગાંધી હોસ્પિટલમાં લવાયા હતા, જ્યાં બપોરે ૩:૩૦ વાગ્યે સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બારડોલી રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી અરેઠના પૂરગ્રસ્ત 150 પરિવારને દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા કિટ વિતરણ



માંડવી : તાજેતરમાં પુરથી પ્રભાવિત થયેલા વિસ્તારોમાં દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા રાહત અને મદદની કામગીરી હાથ ધરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા વિવિધ પુરગ્રસ્ત ગામોના અસરગ્રસ્ત 150 જેટલા પરિવારોને તાત્કાલિક રાહત મળી રહે તે માટે જીવનજરૂરી અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, ટ્રસ્ટના સભ્યો દ્વારા નંદપોર,ગવાછી,કરવલી, મોટીચેર અને દેવગઢ ગામોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. મુશ્કેલીના સમયે જરૂરિયાતમંદ પરિવારો સુધી સીધી સહાય પહોંચાડવાના ઉદ્દેશ્યથી ટ્રસ્ટના સભ્યોએ વ્યક્તિગત રીતે પહોંચીને દૈનિક ઉપયોગ માટેની જરૂરી ખાદ્ય સામગ્રી ધરાવતી કીટ્સ અર્પણ કરી હતી.

### ભરૂચમાં બ્રહ્માકુમારીઝ અનુભૂતિ ધામ ખાતે નશામુક્તિ અભિયાનનો ભવ્ય પ્રારંભ

ભરૂચ : ભરૂચ શહેરના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલ બ્રહ્માકુમારીઝ અનુભૂતિ ધામ ખાતે '10 કરોડ નશા મુક્ત પ્રતિજ્ઞા મહા અભિયાન' અંતર્ગત એક ઐતિહાસિક જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરિકો, યુવાનો, મહિલાઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત શાંતિ સંદેશ અને વ્યસનમુક્તિના સંકલ્પ સાથે કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ લોકોએ પોતાના જીવનમાંથી કોઈપણ પ્રકારના નશાનો ત્યાગ કરવાનો, તેમજ પોતાના પરિવાર, શાળા, સમાજ અને દેશને વ્યસનમુક્ત બનાવવા માટે જાગૃતિ ફેલાવવાનો દૃઢ સંકલ્પ લીધો હતો.

### ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા 100 નવી માતાઓને પોષણ કિટનું વિતરણ

અંકલેશ્વર વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા ઝઘડિયાની સેવા રૂરલ હોસ્પિટલમાં 100 નવી માતાઓને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. "એક સ્વસ્થ માતા માત્ર એક બાળકને નહીં, પણ સમગ્ર સમાજના ઉજ્જવળ ભવિષ્યને પોષણ આપે છે" આ ઉમદા વિચારને સાર્થક કરતા વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા સેવા રૂરલ હોસ્પિટલ, ઝઘડિયા ખાતે એક ઉત્કૃષ્ટ સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રોજેક્ટને સફળ બનાવવામાં ક્લબના પ્રમુખ કિંજલ શાહ, સચિવ રશ્મિ પટેલ, પાસ્ટ પ્રેસિડન્ટ સંતોષ ચોપરા તથા અમિતા પટેલ સહિત તમામ સભ્યોનો સક્રિય સહયોગ રહ્યો હતો.

### ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય વલવાડાનું ગૌરવ

ધનગૌરી સાર્વજનિકવિદ્યાલય વલવાડાનું ગૌરવ પ્રતિનિધિ ભોરીયા SGFI શાળાકીય રમતોત્સવ 2026/27 એથ્લેટિક્સ U14U17U19 સ્પર્ધાનું આયોજન એલડીપટેલ સાર્વજનિક હાઇસ્કૂલ ભોરિયા મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરભાઈઓની U17 1500 મીટર દોડ સ્પર્ધામાં અર્પિત પટેલે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જે જિલ્લા કક્ષાની રમતમાં તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓએ U17 400 મીટર દોડમાં બીજો ક્રમ U14 600 મીટર દોડમાં બીજો ક્રમ,U19 હથોડા ફેકમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી તાલુકા કક્ષાએ શાળાને ગૌરવ અપાવેલ છે. તમામ વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષક ગીરીશભાઈ ચૌધરીને સંસ્થાનાપ્રમુખ સતિષભાઈ પટેલ તથા આચાર્ય નિલેશભાઈ પ્રજાપતિએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

### હાંસોટના પૂર અસરગ્રસ્ત ગામોમાં ONGC દ્વારા 1 હજાર રાશન કિટનું વિતરણ

અંકલેશ્વર : હાંસોટ તાલુકાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ONGC દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યના મંત્રી ઇશ્વરસિંહ પટેલની સૂચનાના અનુસંધાને આ રાહત કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું.આસરમા ગામ ખાતે પૂર અસરગ્રસ્ત પરિવારોને 1,000 અનાજની રાહત કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રાહત સામગ્રીથી પૂરથી પ્રભાવિત પરિવારોને તાત્કાલિક સહાય મળી રહી છે.રાહત વિતરણ કાર્યક્રમ દરમિયાન ONGCના એસેટ સપોર્ટ મેનેજર એમ. જી. મહેતા, ડીજીએમ મિનેષ મોદી, OBCના ચેરમેન જીગર પટેલ, વિરેન્દ્ર પટેલ, ડી. કે. પટેલ, જિલ્લા પંચાયત સભ્ય મગન પટેલ, તાલુકા પંચાયત સભ્ય બળવંત પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગ્રાસિમ ઇન્ડ., જિલ્લા આરોગ્ય, ઇનરવ્હીલ ક્લબ દ્વારા સગર્ભાઓને પ્રોટીન પાવડર અપાયા



ભરૂચઃ ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, જિલ્લા આરોગ્ય કચેરી અને ઇનર વીલ ક્લબ ઓફ ભરૂચના સંયુક્ત ઉપક્રમે 'પ્રોજેક્ટ પોષક' અંતર્ગત જિલ્લાની ઓછું વજન ધરાવતી સગર્ભા માતાઓને પોષક સહાય પૂરી પાડવામાં આવી. રોટરી ક્લબ ઓફ ભરુચ ખાતે આયોજિત કાર્યક્રમમાં ૧,૫૩૫ જેટલી સગર્ભા માતાઓને ૨૦૦ ગ્રામના પ્રોટીન પાઉડરના ત્રણ ડબ્બા વિતરણ કરવાની પહેલ હાથ ધરાઈ હતી. ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના (ફાઇબર) યુનિટ હેડ આર. રામકુમાર અને માનવ સંશાધન વડા નિમેષ જાદવના માર્ગદર્શન હેઠળ અમલીકૃત આ પ્રોજેક્ટ સમાજના સર્વાંગી વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ કડી છે. મુખ્ય અતિથિ ગ્રાસિમના (એપોક્ષી) યુનિટ હેડ રાકેશ ચોક્સીએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. ગ્રાસિમ CSR હેડ હેમરાજ પટેલ, કોર્પોરેટ અફેર હેડ કપિત પંડ્યા અને એચઆર હેડ રેણુ માથુરે કંપની દ્વારા આરોગ્ય, શિક્ષણ, જીવનોપાર્જન, માળખાકીય સુવિધાઓ અને પર્યાવરણ ક્ષેત્રે કરાતા CSR પ્રકલ્પોની વિગત આપી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મુનીરા શુક્લાએ ગ્રાસિમના CSR વિભાગનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું.

## સાયખા GIDCમાં ચોથા માળેથી પટકાતાં મજૂરનું મોત

ભરૂચઃ ભરૂચ જિલ્લાના સાયખા GIDC ખાતે આવેલી મિનલ સ્પેશ્યાલીસ્ટ કંપનીમાં કામ દરમિયાન એક મજૂરનો પગ લપસી જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેની સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

મૂળ બિહારનો વતની અને હાલ સાયખા GIDC વિસ્તારમાં રહેતો ગોવિન્દકુમાર અમિકા રાય (ઉં.વ.૨૨) મિનલ સ્પેશ્યાલીસ્ટ કંપનીના એસ.એલ પ્લાન્ટના ચોથા માળે અન્ય મજૂરો સાથે લોખંડની કોલમની પાઈપના બોલ્ટ ફિટ કરવાનું કામ કરતો હતો. ત્યારે અચાનક તેનો પગ લપસી જતાં તે ઉપરથી નીચે પટકાયો, જેમાં તેના માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને વધુ સારવાર માટે ભરૂચની એપેક્ષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. જોકે, સારવાર દરમિયાન જ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. વાગરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## બારડોલીના બાબેનમાંથી બાઇક ચોરાઇ

બારડોલીઃ બારડોલીના બાબેન ગામમાં આવેલ સાંઈલીલા એપાર્ટમેન્ટના ખુલ્લા પાર્કિંગમાંથી ૩૦ હજાર રૂપિયાની કિંમતની મોટરસાઈકલની ચોરી થયાની ફરિયાદ બારડોલી ટાઉન પોલીસ મથકે નોંધાઈ છે. ફરિયાદી નિલેશકુમાર પ્રકાશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની ૨૦૧૫ના મોડેલની હીરો સ્પ્લેન્ડર પ્રો બાઈક (GJ19AE8508) ગત તારીખ ૩૧/૦૭/૨૦૨૬ની રાત્રિના ૧૧ વાગ્યાથી ૦૧/૦૮/૨૦૨૬ના રાત્રિના ૧ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી ગયો હતો. આ બનાવ અંગે નિલેશભાઈએ ૦૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ફરિયાદ આપતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલમાં આ કેસની વધુ તપાસ બારડોલી ટાઉન પોલીસના અ.હે.કો. રવિન્દ્રભાઈ મિરીયાભાઈ ચલાવી રહ્યા છે.

## મહુવેજ ગામની સીમમાંથી 1.64000 ના સામાનની ચોરી

હથોડા : મહુવેજ ગામની સીમમાં સાઈડમાં ચાલી રહેલ બાંધકામ સ્થળે આવેલ લોખંડની કેબિન તોડી અંદર મુકેલા લોખંડના જે બોલ્ટ. જેક ટેકા. 200 વોલ્ટ ના હેલોજન. ફેક્સીબલ વાયર. ઈલેક્ટ્રીક બોર્ડ. વિગેરે સરસામાન મળી કુલ રૂપિયા 1,64,000 ના મુદ્દા માલની ચોરી થઈ હોવાની ફરિયાદ મોડી સાંજે કોસંબા પોલીસ ચોપડે નોંધાવા પામી હતી. પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# એના ગામે ગેરેજમાં પાર્ક કરેલી ઈલેક્ટ્રિક બાઈકમાં આગ ભભૂકી

**ઘરમાલિકની** સમયસૂચકતા અને સતર્કતાથી બાઇક બહાર ખસેડાતા મોટી જાનહાનિ અને આર્થિક નુકસાન ટળ્યું

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકાના એના ગામે સોની ફળિયામાં શુક્રવારે વહેલી સવારે એક ઈલેક્ટ્રિક બાઈકમાં અચાનક ધડાકા સાથે આગ લાગવાની ઘટના સામે આવી છે. વહેલી સવારે બનેલી આ ઘટનાથી સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી, પરંતુ ઘરમાલિકની સમયસૂચકતા અને અગમચેતીને કારણે મોટી આર્થિક ખુવારી અને જાનહાનિ ટળી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, એના ગામના સોની ફળિયામાં રહેતા ધનસુખભાઈ અમૃતભાઈ મિસ્ત્રી શુક્રવારે વહેલી સવારે આશરે ચાર વાગ્યે મહાદેવ મંદિરે સેવા આપવા જવાની તૈયારી કરી રહ્યા હતા તે દરમિયાન તેમના મકાનના ગેરેજમાંથી અચાનક જોરદાર ધડાકાનો અવાજ સંભળાયો હતો. ધડાકાનો અવાજ સાંભળીને ત્વરિત દોડી આવેલા ધનસુખભાઈએ જોયું તો ગેરેજમાં પાર્ક કરેલી ઓકિનાવા કંપનીની ઈલેક્ટ્રિક મોપેડમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા પારખીને તેમણે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર મોપેડને ખેંચીને ગેરેજની બહાર ખુલ્લા સ્થાને ધકેલી દીધી હતી.

મોપેડને બહાર કાઢતાની સાથે જ તેમાં ભડકો થયો હતો અને ટૂંક સમયમાં જ સમગ્ર ઈલેક્ટ્રિક બાઈક આગની વિકરાળ લપેટમાં આવીને સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગઈ હતી. સદનસીબે, ઘરમાલિકની સમયસરની કાર્યવાહીના લીધે ગેરેજની અંદર પાર્ક કરેલી કાર તથા અન્ય મોટરસાયકલ આગની ચપેટમાં આવતા બચી ગયા હતા. જો આ ઈલેક્ટ્રિક બાઈક ગેરેજની અંદર જ સળગી હોત તો આગ આસપાસ ફેલાઈને ગંભીર સ્વરૂપ ધારણ કરી શકતી હતી. આ બનાવને લઈને હાલ સ્થાનિક સ્તરે ઈલેક્ટ્રિક વાહનોની બેટરી અને તેની સુરક્ષાને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે, પરંતુ ધનસુખભાઈની સતર્કતાના કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી જતાં પરિવારે અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

# ભરૂચના દહેજ હાઈવે પર કન્ટેનર ચાલક પર હુમલો

**અજાણ્યા** બસચાલક સહિત ત્રણ શખ્સોએ કાચ અને ટાયરો તોડ્યા

ભરૂચ : ભરૂચ જિલ્લાના દહેજ હાઈવે રોડ ઉપર આવેલા એકસાલ ગામના પાટિયા પાસે મોડી રાત્રે એક આઘાતજનક ઘટના સામે આવી છે. અહીં અજાણ્યા બસના ચાલક અને તેના બે સાથીઓએ એક કન્ટેનર ડ્રાઈવર પર હુમલો કરીને ગાળાગાળી કરી હતી તથા કન્ટેનરના મુખ્ય કાચ અને ચાર ટાયરને નુકસાન પહોંચાડ્યું હતું. આ બનાવમાં અંદાજે રૂપિયા ૩૫,૦૦૦નું આર્થિક નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હરિયાણાના પાણીપત ખાતે રહેતા અને ઓમ ટ્રાન્સઇન્ડિયા ટ્રાન્સપોર્ટ કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા રાજેશકુમાર રણબીરસિંઘ હૂડે (ઉ.વ. ૪૦) ગત ૫ ઓગસ્ટના રોજ રાત્રે આશરે ૧૦:૧૫ વાગ્યે કન્ટેનર લઈને દહેજ ખાતે માલ લોડ કરવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન એકસાલ ગામ નજીક પહોંચતા એક અજાણ્યા બસચાલકે પોતાનું વાહન કન્ટેનરની આગળ અચાનક ઊભું રાખી દીધું હતું. ત્યારબાદ બસચાલક અને તેના બે સાથીઓએ નીચે ઉતરીને ડ્રાઈવર સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી દીધી હતી. આરોપીઓએ "હું ક્યારનો સાઈડ આપવા માટે હોર્ન મારું છું, તને સંભળાતું નથી" તેમ કહીને ઝઘડો શરૂ કર્યો હતો.

રાજેશકુમારે મામલો થાળે પાડવા અને ઝઘડો ટાળવાનો પૂરો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્રણેય આરોપીઓ વધુ ઉશ્કેરાઈ ગયા અને હુમલો કરવા લાગ્યા હતા. એક આરોપીએ પથ્થર વડે કન્ટેનરના આગળના મુખ્ય કાચ પર પ્રહાર કરીને કાચ તોડી નાખ્યો હતો. આ હુમલાથી ડરના માર્યા રાજેશકુમાર કન્ટેનર લઈને નજીકના આઈસરના સર્વિસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં ગયા હતા અને ત્યાં સંતાઈ ગયા હતા. જો કે, આરોપીઓ ત્યાં પણ પાછળ પાછળ પહોંચી ગયા હતા અને કન્ટેનરના ચારેય ટાયરને નુકસાન પહોંચાડીને તેની હવા કાઢી નાખી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

## અંકલેશ્વરના ભાટવાડમાંથી ગાંજાના જથ્થા સાથે એક પકડાયો

અંકલેશ્વર : ભરૂચ એસ.ઓ.જીએ અંકલેશ્વર ભાટવાડ વિસ્તારમાંથી ગાંજાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વરના ભાટવાડ વિસ્તારમાં રહેતો અબ્દુલગની શેખ તેના રહેણાંક મકાનમાં માદક પદાર્થ ગાંજો રાખી વેચાણ કરે છે. અને હાલમાં પણ તેના મકાનમાં માદક પદાર્થનો જથ્થો રાખેલો હોવાની બાતમીના આધારે ભરૂચ એસ.ઓ.જી.એ દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી 1.215 કિલોગ્રામ ગાંજો મળી કુલ 60 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અને અબ્દુલગની ગુલામરસુલ શેખને ઝડપી પાડ્યો હતો. જ્યારે ઓડીશાના ઈસમને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## ભાંડુતના વિદ્યાર્થીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

**૩૧૫** સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરી રજુ કર્યા હતાં

સાયણ: ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના છેવાડા ના ભાંડુત ગામના કિર્તન પટેલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાયેલ વિશિષ્ટ કાર્યક્રમમાં ૩૧૫ સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરી રજુ કરતાં તેને ગ્રિનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

ભાંડુત ગામના વતની તથા હાલ સુરત શહેરની લોકમાન્ય વિદ્યાલયના ધો.૮ માં કિર્તનકુમાર ધર્મેન્દ્રભાઇ પટેલ અભ્યાસ કરે છે. આ નાનકડા ભૂલકા કિર્તન પટેલે બી.એ.પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા બરોડા ખાતે યોજાયેલ એક વિશિષ્ટ કાર્યક્રમ માં ૩૧૫ સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરી રજુ કરતાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને ભક્તો કિર્તન પટેલની આ કાર્યક્રમમાં તેમની અદભૂત સ્મરણ શક્તિ,અવિરત મહેનત,નિયમિત અભ્યાસ અને ધાર્મિક સંસ્કારો નિહાળી મંત્રમુગ્ધ બન્યા હતાં.આ અભૂતપૂર્વ સિદ્ધિને ગ્રિનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળતા આ ગૌરવપૂર્ણ સિદ્ધિથી માત્ર તેમના પરિવારનું જ નહીં,પરંતુ ભાંડુત ગામ, ઓલપાડ તાલુકો સહિત લોકમાન્ય વિદ્યાલયનું નામ ગૌરવભેર ઉજ્જ્વળ બન્યું છે.કિર્તન પટેલે નાની ઉંમરે પ્રાપ્ત કરેલી આ અનોખી સફળતા બદલ સંતોએ આર્શીવાદ આપ્યા છે.

# ઝીંગાતળાવ દીઠ 25 લાખનું નુકસાન

**ઓલપાડમાં** વરસાદી પૂરના કારણે ૭૦૦ થી ૮૦૦ ટન ઝીંગાનો નાશ

સાયણઃ તાજેતરમાં દ.ગુ. માં પડેલ અતિભારે વરસાદ અને પૂરના કારણે વાપી-વલસાડ,નવસારી થી સુરત,ઓલપાડ અને હાંસોટ તાલુકાની દરિયાઈ કાંઠા પટ્ટીમાં ઝીંગાના તળાવોમાં ઝીંગા ફાર્મિંગ કરતા ખેડૂતોના તળાવના પાળા તૂટવા સહિત તળાવો ઓવરફ્લો થયા હતાં.જેથી તળાવમાં તૈયાર થયેલ ઝીંગા તણાતા વ્યાપક નુકશાન થયું છે.જ્યારે

આ કુદરતી આફતથી ખેડૂતોને એક તળાવ દીઠ આશરે રૂ.૨૦ થી ૨૫ લાખ રૂપિયાનું નુકસાન થતા હાલ આ ઉદ્યોગ બંધ હોવાથી ઝીંગા તળાવ ઉપર કામ કરતાં સ્થાનિક મજુરોની રોજગારી છીનવાતા તેઓ તો બેકાર થયા જ છે સાથે ઝીંગા ટ્રાન્સપોર્ટરોની રોજગારી ઉપર પણ મોટું સંકટ ઉભું થયું છે.તેમણે વધુ કહ્યું કે,એક તરફ છેલ્લા કેટલાક વર્ષોથી ઝીંગાના બજાર ભાવ સતત ઘટી રહ્યા છે,તો બીજી તરફ ઝીંગા બિયારણ,ખોરાક (ફીડ),દવા અને મજૂરીનો ખર્ચ વધતા ઝીંગા ફાર્મિંગ કરતાં ખેડૂતોની હાલત કફોડી બની છે.જેથી આવી સ્થિતિમાં સરકાર તાત્કાલિક ઝીંગા તળાવોની નુકસાનીનું સર્વે કરાવી આર્થિક સહાય, સબસીડી અને બેંક લોનના વ્યાજમાં રાહત આપે એવી અમારી માંગ છે.



ઝીંગા ફાર્મર કિંગ મનોજ શર્માએ કહ્યું કે,વાપીથી શરૂ કરી નવસારી અને વલસાડ જિલ્લામાં ૨,૭૦૦ થી વધુ ઝીંગા તળાવોને વરસાદી પૂરની અસર થઈ છે. જયારે ઓલપાડ તાલુકામાં કીમ નદીના પૂરના કહેરના કારણે દરિયાઈ કાંઠા પટ્ટીના ૭૦ થી ૮૦ જેટલા તળાવોમાં પાણી ફરી વળતા ૭૦૦ થી ૮૦૦ ટન ઝીંગાનો નાશ થયો છે.જેથી આ તમામ ઝીંગા તળાવમાં તૈયાર થયેલ ઝીંગાનું હાવેર્સ્ટિંગ થાય તે પહેલા જ આશરે ૧૧,૦૦૦ થી ૧૨,૦૦૦ ટન ઝીંગાનો તૈયાર માલ વરસાદી પૂરમાં તણાઈ જતા ઝીંગા ઉછેર ઉદ્યોગને નુકસાન થયું છે.જેના કારણે ફાર્મરોને આર્થિક ફટકો પડતા રૂ.૯,૦૦ થી ૧,૦૦૦ કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.તેમણે વધુ કહ્યું કે,હાલમાં ૯૯% ઝીંગા વિદેશમાં એક્સપોર્ટ થાય છે.જે વેપારથી દેશને ડોલરમાં વિદેશી હૂંડિયામણ મળે છે.જેથી ઝીંગા ઉછેર માટે સરકારી યોજના અને રોજગારી 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના'નો લાભ લેવા ખેડૂતોને અપીલ કરતાં કહ્યું કે,ગુજરાત પાસે દરિયાઈ કાંઠાપટ્ટી ઉપર ૩.૭૫ લાખ હેક્ટર ક્ષાર-ખરાબાની જમીન છે,જો તેમાંથી વધુ ૫૦,૦૦૦ હેક્ટર જમીન ઝીંગા ઉદ્યોગ માટે ડેવલોપ થાય તો લાખો સ્થાનિક લોકોને નવી રોજગારીની તક મળી શકે તેમ છે.જ્યારે આપણા સંગઠનનું લક્ષ્ય આપણા તળાવના ઝીંગાને એક્સપોર્ટ કરવા વર્લ્ડ ક્લાસ બનાવવાનું હોવાથી હવે 'રોગમુક્ત'અને 'એન્ટીબાયોટીક ફ્રી' વર્લ્ડ ક્લાસ ઝીંગાનું ઉત્પાદન કરી વિદેશમાં નિકાસ કરવા આપણે સૌ કતિબધ્ધ બનીએ તે જરૂરી છે.આ મિટીંગમાં પ્રદિપભાઇ નાવિકે કહ્યું હતું કે, ઝીંગા ઉદ્યોગનો સૌથી મોટો પડકાર તો એ છે કે,દર વર્ષે અનિયમિત અને અણધાર્યો વરસાદ,પૂરને કારણે કાંઠા પટ્ટીના ખારા પાણીના તળાવોમાં મીઠું પાણી ભરાઈ જતા રોગચાળો એ ઝીંગા ઉછેર માટે સૌથી મોટું જોખમ છે.

## દહેજમાં દેશી પિસ્તોલ સાથે યુવક ઝડપાયો

ભરૂચ : દહેજ પોલીસે વાડીફળિયા ખાતે રહેતા આરોપી અનિલ ગોહીલને યુવકને દેશી પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી અંદાજિત રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતનું એક હથિયાર કબ્જે કર્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, શુક્રવારે મધ્યરાત્રિ બાદ બાતમી મળી હતી કે દહેજના વાડી ફળીયા વિસ્તારમાં રહેતો અનિલકુમાર અરવિંદભાઈ ગોહીલ નામનો શખ્સ પોતાની સાથે હથિયાર રાખીને ફરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. આ દરમિયાન આરોપી અનિલકુમાર ગોહીલને કોર્ડન કરીને અટકાવવામાં આવ્યો હતો. તેના પેન્ટના ખિસ્સામાંથી લાલ રૂમાલમાં વીંટાળેલી એક દેશી બનાવટની પિસ્તોલ મળી આવી હતી. આરોપી પાસે હથિયાર રાખવાની કોઈ પરવાનગી કે લાઈસન્સ નહોતું.